ગુજરાત અલ્પસંખ્યક નાણાં અને વિકાસ નિગમને સમાન ફાળા પેટે બીજા અને ત્રીજા હપ્તાની કુલ રૂ.૭૫.૦૦ લાખની ગ્રાન્ટ ફાળવવા બાબત.

વર્ષ ૨૦૨૩-૨૪

ગુજરાત સરકાર

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

File No.- SJED/MIS/e-file/17/2023/3578/A-1 Section

સચિવાલય, ગાંધીનગર,

તારીખઃ ૧૭/૦૧/૨૦૨૪

વંચાણે લીધાઃ-

(૧) આ વિભાગની બજેટ શાખાનો તા.૧૮/૦૪/૨૦૨૩નો ઠરાવ ક્રમાંક: SJED/CIE/e-file/17/2022/ 2945/B

(૨) આ વિભાગનો તા.૧૯/૦૭/૨૦૨૩નો ઠરાવ ક્રમાંક: SJED/MIS/e-file/17/2023/1091/A-1 Section

(3) નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણનો તા.૦૭/૧૨/૨૦૨૩નો પત્ર ક્રમાંકઃ DDCW/0019/12/2023

આમુખઃ-

ગુજરાત અલ્પસંખ્યક નાણા અને વિકાસ નિગમ માટે આ વિભાગના નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪ના અંદાજપત્રમાં સમાન ફાળા પેટે રૂ.૧૫૦.૦૦ લાખ(અંકે રુપિયા એકસો પચાસ લાખ પુરા) ની બજેટ જોગવાઇ કરવામાં આવેલ છે. જે અન્વયે આ વિભાગના વંચાણે લીધેલ ક્રમાંક (૧) સામે દર્શાવેલ તા.૧૮-૦૪-૨૦૨૩ ના ઠરાવથી આ ગ્રાન્ટની વહીવટી મંજૂરી આપવામાં આવેલ છે. વંચાણ લીધેલ ક્રમાંક(૨) હેઠળના વિભાગના તા.૧૯/૦૭/૨૦૨૩ના ઠરાવ દ્વારા ગુજરાત અલ્પસંખ્યક નાણા અને વિકાસ નિગમને નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪ માટે સમાન ફાળાના પ્રથમ હપ્તા પેટે રૂ.૩૭.૫૦ લાખ ફાળવવામાં આવેલ છે. નિયામક શ્રી વિકસતી જાતિ કલ્યાણની કચેરી, ગાંધીનગર દ્વારા વંચાણે લીધેલ ક્રમાંકઃ(૩) પરના તા.૦૭-૧૨-૨૦૨૩ ના પત્રથી બીજા હપ્તા પેટે રૂ.૩૭.૫૦ લાખની (૨૫% મુજબ) અને ત્રીજા હપ્તા પેટે રૂ.૩૭.૫૦ લાખની (૨૫% મુજબ) એમ કુલ મળીને રૂ.૭૫.૦૦ લાખનીસ સમાન ફાળાની ગ્રાન્ટ ગુજરાત અલ્પ સંખ્યક નાણાં અને વિકાસ નિગમ લિ.ના હવાલે મૂકવા દરખાસ્ત કરવામાં આવેલ હતી, જેને મંજૂરી આપવાની બાબત વિચારણા હેઠળ હતી.

ઠરાવઃ-

પુખ્ત વિચારણાના અંતે વર્ષ ૨૦૨૩-૨૪ના અંદાજપત્રમાં ગુજરાત અલ્પસંખ્યક નાણા અને વિકાસ નિગમ માટે સમાન ફાળાની ગ્રાન્ટ પેટે મંજૂર થયેલ રૂ.૧૫૦.૦૦ લાખ(અંકે રુપિયા એકસો પચાસ લાખ પુરા)ની જોગવાઇમાંથી બીજા હપ્તા પેટે રૂ.૩૭.૫૦ લાખ (૨૫% મુજબ) અને ત્રીજા હપ્તા પેટે રૂ.૩૭.૫૦ લાખ(૨૫% મુજબ) એમ કુલ મળીને રૂ.૭૫.૦૦ લાખની સમાનફાળાની ગ્રાન્ટ ગુજરાત અલ્પસંખ્યક નાણા અને વિકાસ નિગમ, ગાંધીનગરના હવાલે મુકવા નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, ગાંધીનગરને નીચેની શરતોને આધિન આથી મંજૂરી આપવામાં આવે છે.

શ ર તોઃ

૧. આ ગ્રાન્ટ નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ , ગાંધીનગરે તાત્કાલિક ગુજરાત અલ્પસંખ્યક નાણા અને વિકાસ નિગમને હવાલે મુકવાની રહેશે અને તેની જાણ વિભાગને કરવાની રહેશે.

૨. ઉપર્યુક્ત મંજુર કરવામાં આવેલ ગ્રાંટ જે હેતુ માટે છુટી કરવામાં આવે છે તે હેતુ સિવાયના અન્ય હેતુ માટે સરકારશ્રીની પુર્વમંજુરી સિવાય ખર્ચ કરી શકાશે નહી.આ અગાઉ તેમજ આ ઠરાવથી છુટી કરવામાં આવેલ વહીવટી ગ્રાંટની રકમમાંથી કરવામાં આવેલ ખર્ચની વિગતો તાત્કાલિક વિભાગને રજૂ કરવાની રહેશે.

૩. સને ૨૦૨૩-૨૪ના વર્ષની બજેટ જોગવાઇને આધીન રહીને નાણાં વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં ખર્ચ કરવાનો રહેશે.

૪. આ અંગેનો ખર્ચ સરકારશ્રી દ્વારા વખતોવખત નકકી કરવામાં આવેલ જોગવાઇઓ અને લાગુ પડતા ધારા ધોરણોને આધીન નિયત પધ્ધતિથી કરવાનું રહેશે તેમજ વર્ષના અંતે બચત રહેતી રકમ સરન્ડર કરવાની રહેશે.

૫. આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો ખર્ચ કરતી વખતે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંત્તોનો અમલ કરવાનો રહેશે.

૬. આ મંજુરી અન્વયે જો કોઇપણ વસ્તુની ખરીદી કરવાની હોય તો સરકારશ્રીના પ્રવર્તમાન ધારા ધોરણો અને નિયમો અનુસાર કરવાની રહેશે.

૭. નવી સેવાઓના સંદર્ભમાં નાણાં સલાહકારશ્રી/નાણાં વિભાગની મંજૂરી મળ્યા બાદ જ ખર્ચ કરવાનો રહેશે .

૮. આ અંગેનો ખર્ચ માંગણી ક્રમાંકઃ ૯૨ મુખ્ય સદર- ૬૨૨૫ અનુ.જાતિઓ , અનુસૂચિત આદિજાતિઓ ,અન્ય પછાતવર્ગો અને લઘુમતીઓના કલ્યાણ માટે લોન, પેટા મુખ્ય સદર-૦૪ લઘુમતીઓનું કલ્યાણ, ગૌણ સદર-૮૦૦ અન્ય લોન, પેટા સદર-૦૧ એમએનટી-૧૪ રાષ્ટ્રીય પછાત વર્ગ નાણા અને વિકાસ નિગમમાં સામા સમાન ફાળો માટે ગુજરાત અલ્પસંખ્યક નાણા અને વિકાસ નિગમને લોન હેઠળ ઉધારવો અને તે હેઠળ ચાલુ નાણાકીય વર્ષમાં કરવામાં આવેલ જોગવાઇમાંથી મેળવવાનો રહશે.

૯. હવે પછીની મળવાપાત્ર ગ્રાંટ માંગતા પહેલા આ ઠરાવથી છુટી કરાયેલ ગ્રાંટના હિસાબો સાથે દરખાસ્ત કરવાની રહેશે.

આ ઠરાવ વિભાગનાં નાણાં વિભાગની તા.૨૮/૧૨/૨૦૨૩ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.



eSign
Signed by: KALPANABEN VIPULKUMAR RANA
Organization Unit: Social Justice and Empowerment Department
Organization Name: GOVERNMENT OF GUJARAT
Date: 18-Jan-2024 (12:42 PM)
Open the document in Adobe Acrobat DC to verify the E-sign

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી તથા તેમના નામે,

Signed by: KALPANABEN VIPULKUMAR RANA
Organization Unit: Social Justice and Empowerment Department
Organization Name: GOVERNMENT OF GUJARAT
Date: 18-Jan-2024 (12:42 PM)

(કલ્પના રાણા)
ઉપસચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
ગુજરાત સરકાર

પ્રતિ,

- નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

<u>નકલ રવાના</u> :

- મેનેજીંગ ડીરેકટરશ્રી, ગુજરાત અલ્પસંખ્યક નાણાં અને વિકાસ નિગમ, ડૉ.જીવરાજ મહેતા ભવન , ગાંધીનગર
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, રાજકોટ/અમદાવાદ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- જિલ્લા તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર.
- નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- નાણા વિભાગ(ક-શાખા) સચિવાલય, ગાંધીનગર.
- સેક્શન અધિકારીશ્રી, બજેટ/કોમ્પ્યુટર સેલ શાખા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય,ગાંધીનગર.
- સિલેકટ ફાઇલ-૨૦૨૪